સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૨૨૫૫

સાધન અને સુવિધા સાથે બુદ્ધિ મપાઇ જાય છે,
ફરજની સમજ વિના જ હક અપાઇ જાય છે,
લપાઇ જાય મૂર્ખાઇ સરકારને દોષ દઇને -
અંધશ્રદ્ધાની દોટમાં જિંદગીઓ કપાઇ જાય છે!
(બિહાર, ટ્રેન નીચે ૩૩ કપાયાં)

હાઈકુ

લાગે છે ભાર?!
સૈન્ય ને પણ હવે -?!
'રક્ષા'-બંધન!!
(પેલું! રાજ ટપલાં મારે છે)

'ઇસરો' નું ય
- પરફેક્ષન્ પડે પોચું?
કપાય કાચું!
(ઉડ્ડયન મોકુફ!)

ચિંતન

સ્વયં કર્મ કરોત્યાત્મા સ્વયં તત્ફલ મશ્નુતે ।
સ્વયં ભ્રમતિ સંસારે સ્વયં તસ્માદ્વિમુચ્યતે ॥

વ્યક્તિ પોતે જ સત્કર્મ કે દુષ્કર્મ કરે છે તેનાં ફળ એને પોતાને જ ભોગવવાં પડે છે એટલે કે તેને સ્વંય વિભિન્ન યોનિઓ અને જન્મોમાં જન્મ લઇ પાપ અને પુણ્યના ફળ ભોગવવા પડે છે અને સંસારમાં ભ્રમણ કરવું પડે છે. સ્વયં ને જ પુરૂષાર્થ દ્વારા સત્કર્મો અને પુણ્યો એકત્ર કરી સંસારના બંધનો અને આવાગમનમાંથી, જન્મોના ચક્રમાંથી મુક્ત થઇ 'મોક્ષ'ને પ્રાપ્ત કરે છે.

મનુષ્ય ને પૂર્વજન્મોના સંચિત કર્મો અનુસાર એનાં ફળ ભોગવવા એવા જ વાતાવરણ-ઘર-સમાજ-પરિવાર-ગામમાં જન્મ મળે છે જ્યાં એ કરેલાં કર્મો ને યથાર્થ રીતે ભોગવી શકે છે અર્થાત પાપ કર્મો કર્યા હોય તો ગરીબ અને દુષ્કર્મો આચરતા પરિવાર-વાતાવરણમાં જન્મે છે જ્યાં ફરી એવા કર્મોનું ભાથું બાંધે છે.

અથવા એવા વાતાવરણમાં પણ કર્મ સંજોગો અનુસાર સત્સંગ પ્રાપ્ત થઇ જાય અને દુષ્કૃત્યોથી બચી જાય સન્માર્ગે વળે તો એનો ઉદ્ધાર પણ થઇ શકે છે.

ટૂંકમાં માણસના હાથમાં જ છે એણે કેવાં કર્મો કરી બીજ જન્મોની પૃષ્ઠભૂ તૈયાર કરવાની છે સત્કર્મો અને પુણ્ય-ધર્મકાર્યો દ્વારા સારાં ફળ મળે છે. દુષ્કૃત્યો કરવાથી આપત્તિઓ સહન કરવી પડે છે.

સુવિચાર

- વેદના અને હર્ષ, પ્રકાશ અને છાયાની જેમ એક પછી એક આવે છે - **તુલસીદાસજી**
- ઇર્ષા, ક્રોધ, કામ, પરિગ્રહ, ચોરી, હિંસા એ માણસને થયેલો રોગ છે, એના ઇલાજ સત્સંગ, સદ્વાચન અને ધ્યાન છે - **ડૉંગરેજી મહારાજ**
- આપણું કષ્ટ આપણે જાતે જ ઉપાડી લેવું એમાં જ આપણી શોભા અને ગૌરવ છે - **રામસંગ ભગત**
- જ્ઞાનની ઉપયોગીતાની એક સીમા છે, પણ સમજદારી, કોઠાસૂઝ એ પણ જીવનમાં ખૂબ ઉપયોગી છે - **જ્ઞાન સૂત્ર**
- 'અશક્ય કંઇ જ નથી' સાચું પણ બધું જ શક્ય બનાવવું અનિવાર્ય નથી- **બીલ ગેટ્સ્**
- તમે એકલા હોવ તો પણ સુખી થતાં શીખો.. આપણી ખુદની સોબતની ખુશી આપણે પોતે જ અનુભવી શકીએ... તો તે બીજાને માથે શા માટે મારવી જોઇએ?? - **ઝોશો**
- આપણે સૌથી વધુ ગુસ્સો એના ઉપર જ કરીએ છીએ જેને આપણે સૌથી વધુ પ્રેમ કરીએ છીએ - **માનસ સૂત્ર**

બોધ કથા

આજકાલ તો નોકરી મેળવવામાં દબાણ-લાગવગ અને મદદરૂપ થાય છે સાચાં પ્રમાણપત્રો અને લાયકાત પડખે રહી જાય છે.

જ્યોર્જ વોશિંગ્ટન અમેરિકાના પ્રથમ રાષ્ટ્રપતિ હતા. એકવાર એમની કચેરીમાં એક સહાયક-સચિવની જરૂર ઊભી થઇ. અરજીઓ મંગાવવામાં આવી. અરજીઓમાં જ્યોર્જના એક નિકટના મિત્રની અરજી પણ હતી. બધાએ મનથી જ માની લીધુ કે જ્યોર્જની ઓફિસમાં અંગત સહાયક તરીકે એમના મિત્રની જ નિમણૂંક થવાની..

ઇન્ટરવ્યુ થયા. જ્યોર્જે જાતે જ ઇન્ટરવ્યુ લીધા. અરજી કરનાર મિત્રને તો પૂરો ભરોસો હતો કે નિમણૂંક પોતાની જ થવાની... પરંતુ આશ્ચર્ય સાથે જ્યારે પરિણામ આવ્યું ત્યારે એક વિરોધપક્ષના યુવાનની પસંદગી થઇ હતી.

એક પ્રધાનશ્રીએ હિંમત કરી આ નિમણૂંકનું કારણ પૂછ્યું. જ્યોર્જ કહે, 'મારા મિત્ર કરતાં પણ આ યુવાનની લાયકાત-પ્રમાણપત્રો વધારે સારા હતા. મારો મિત્ર મને અંગત રીતે ઉપયોગી થાત પણ રાષ્ટ્રીય અને પ્રજાકીય કામો માટે તો યોગ્ય આવડત ધરાવનારની જ નિમણૂંક થવી જરૂરી હોય છે.'

Email - sureshchandrabhatt18@gmail.com

ભારતીય ટી.વી.શ્રેણીઓની દુનિયા- પરિવર્તન અને પુનરાવર્તન

(ગતાંકથી આગળ...)

''કરમચંદ'' (૧૯૮૫) પંકજ પરાશરે બનાવેલી એક ડિટેક્ટિવ સીરિયલ હતી. જેમાં પંકજ કપુરે પ્રમુખ ભુમિકા નિભાવી. તેની સાથી તરીકેની ભુમિકા ક્રિકુ જિડવાણીએ કરી હતી. ''કરમચંદ''ને દેશની પ્રથમ ડિટેક્ટિવ સીરિયલ ગણાવી શકાય. તમે જોઈ શકો કે, ભરત મુનિએ નાટ્યશાસ્ત્રમાં જે નવ રસ દર્શાવ્યા છે, એ તમામ રસો જુદાં-જુદાં સ્વરુપે અલગ-અલગ સીરિયલમાં યા તો એક સાથે એક જ સીરિયલમાં દર્શકો અનુભવી શકતા, 'ફીલ' કરી શકતા. હાસ્ય, કરુણ, રૌદ્ર વગેરે.

બૉલિવૂડમાં સ્વચ્છ અને સામાજિક ફિલ્મો બનાવતા ફિલ્મકાર બાસુ ચેટરજી ''રજની'' (૧૯૮૫) સીરિયલ દ્વારા નાના પરદે આવ્યા. ''રજની'' બનેલી પ્રિયા તેંડુલકરે મહિલાજાગૃતિ આણી બતાવી. માત્ર મહિલાઓને લગતા પ્રશ્નો જ નહીં, જનજીવનના નાના-મોટા પ્રશ્નો સામે એકલા હાથે ઝઝુમનારી નારીના પાત્ર દ્વારા દેશના કરોડો લોકો માટે ''રજની'' આશાનું કિરણ બની. શું આ હિન્દી સીરિયલોની સામાજિક અસરનું શ્રેષ્ઠ ઉદાહરણ નથી? દેશમાં કોઈ મહિલા તંત્ર યા પ્રશાસનના કે સમાજના અન્યાય સામે બંડ પોકારતી કે તરત એ સ્ત્રી માટે ''રજની'' ઉપનામ આપવામાં આવતું. સ્વયં કેન્દ્ર સરકારે પણ પોતાની વિવિધ પ્રજાલક્ષી યોજનાઓનો સંદેશો દેશની જનતા સુધી પહોંચાડવા માટે પ્રિયા તેંડુલકરની મદદ લેવી પડી હતી! આ છે સીરિયલોનો સામાજિક પ્રભાવ.

વિલિયમ શેક્સપિયરનું કહેવું છે કે, કોઈ દેશનું જનજીવનનું દર્શન કરવું હોય યા તે દેશના સમાજની સ્થિતિ જાણવી હોય તો એ દેશમાં સર્જાતા સાહિત્યને જાણવું-સમજવું જોઈએ, આ વિધાનમાં ફેરફાર કરીને એમ કહી શકાય કે, 'આજે સર્જાતી ફિલ્મો કે ટી.વી. સીરિયલો જે તે દેશના જનજીવન, સમાજ, નાગરિકો, એમની રહેણીકરણી, એમની આર્થિક સ્થિતિ વગેરે બાબતો આપણને જાણ્યે-અજાણ્યે જણાવી દે છે, આ છે ટી.વી. સીરિયલોની સામાજિક અસરો

બધી જ સીરિયલો સારી નથી હોતી, તો દરેક સીરિયલો ખરાબ પણ હોતી નથી. પ્રત્યેક સીરિયલના સારાં-નરસાં પાસાં હોઈ શકે. ''ચુનૌતી'' (૧૯૮૭) એ કૉલેજ લાઈફ ઉપર આધારીત શ્રેણી હતી. જે પ્રિન્સિપાલ શાસ્ત્રી સમક્ષ આવતા યુવાજગતના સવાલો અને સમસ્યાઓની આસપાસ રચાઈ હતી. બસ, થઈ રહ્યું. આ સીરિયલના અરસામાં ''ચુનૌતી''ના પ્રતાપે ઘણી કૉલેજોમાં સુધાર પણ આવ્યા. તો, સ્ટુડન્ટ્સ ખુદ સમસ્યાઓ સામે ઝઝુમવાની હામ રાખતા થયા, આત્મમંથન કરતા થયા.

''ભારત એક ખોજ'' (૧૯૮૮) પણ દૂરદર્શન પરથી પ્રસારીત થયેલી એક નોંધપાત્ર સીરિયલ બની રહી. દેશના પ્રથમ વડાપ્રધાન ચાચા નહેરુએ લખેલા ''ધ ડિસ્કવરી ઑફ ઈન્ડિયા'' પુસ્તક પરથી ૫૩ એપિસોડમાં શ્યામ બેનેગલે ભારતવર્ષનો ૫,૦૦૦ વર્ષનો ઈતિહાસ રજૂ કર્યો. દર્શકોરુપી કરોડો નાગરિકોને સંકલિત સ્વરુપે ભારતનાં મૂળ અને કૂળ — આપણી ધરોહર વિશે સમજ મળી, એટલું જ નહીં, વિશેષ ગૌરવ પણ પ્રસ્થાપિત થયું. દેશબાંધવોને પોતાનાં રુટ્સથી વાકેફ કરાવવાં એ પણ સામાજિક નિસબત જ છે ને. મહત્વની વાત એ છે કે, પુસ્તકોમાં રહેલી ભારતીય સંસ્કૃતિને વિઝ્યુઅલ મીડિયા દ્વારા પેઢીઓ સુધી અસર છોડવામાં આ સીરિયલ નિમિત્ત બની રહી.

સમાજ ઉન્નત વર્ગનો હોય કે નિમ્ન વર્ગનો. સમાજ ધનિક હોય કે ગરીબ, હાસ્ય જીવનનું અવિભાજ્ય અંગ છે. માણસ સુખમાં હોય કે દુઃખમાં, એકાદ ક્ષણ તો હસી જ શકે છે. સામાન્ય જનસમાજ પોતાની દૈનિક જિંદગીમાંથી થોડી મિનિટો માટે રાહત, આરામ અને મનોરંજન ખોજતો હોય છે. જેમાં એને કોઈ જાતના ઉપદેશ કે સંદેશાની જરૂર હોતી નથી. ભારતીય ટેલિવિઝન પરથી જશપાલ ભટ્ટી નામના હાસ્ય-વ્યંગકારે એક નવો ચીલો શરુ કર્યો હતો. ''ઉલ્ટા પુલ્ટા'' (૧૯૮૮) ''ફ્લૉપ શૉ'' (૧૯૮૯) નામની સીરિયલો જનસમાજની વિડંબના અને પ્રશાસન — તંત્રની નાની-નાની ખામીઓને પેશ કરતી. નોંધપાત્ર બાબત તો એ છે કે, દૂરદર્શન સંપૂર્ણપણે કેન્દ્ર સરકારના તાબા અને અંકુશ હેઠળ હોવા છતા સરકાર સામે તીરોધાન કરતી આ સીરિયલો પ્રસારીત થતી અને એમાં 'કૉમનમેન' પણ પ્રસ્તુત થતો. આ સીરિયલો દ્વારા દેશના બધા વર્ગના દર્શકોને નિર્ભેળ મનોરંજન સાથે તંત્રને એક ચોક્કસ સંદેશો પણ મળતો.

આર.કે.નારાયણ કૃત ટૂંકી વાર્તાઓ ઉપર આધારીત શ્રેણી ''માલગૂડી ડેઝ'' દેશના છેવાડાના વનવાસી અને પછાત વિસ્તારોની જિંદગી ઉપર આધારીત હતી. જે તે વખતના દર્શકો જો શહેરી વિસ્તારના હોય તો એમને ગ્રામીણ જીવનની માટીની મહેંક આ સીરિયલના પ્રસારણથી મળતી. તો, દેશના ખૂણે-ખૂણાના લોકો માટે પણ આ સીરિયલે સંવેદનોનાં તાણાંવાણાં ગૂંથી આપ્યાં હતાં. ૧૯મી સદીના મહાન ઉર્દૂ-પર્શીયન શાયર મિરઝા અસદુલ્લા બેગ ખાન (ઉપનામ 'ગાલિબ') ઉપર આધારીત શ્રેણી ''મિરઝા ગાલિબ'' (૧૯૮૮) ગુલઝારે બનાવી. દેશના સાહિત્યપ્રેમી દર્શકોને જ આ સીરિયલ પસંદ આવી, એવું નહોતું. બધા પ્રકારના દર્શકોને આ સીરિયલ પણ રીઝવી ગઈ હતી. દેશના કયા પવિત્ર દિલના આદમીએ ગાલિબની ગઝલો સાથે પોતાના પ્રેમનું તાદાત્મ્ય ન ઝિલ્યું હોય?

જ્યારે ભારતીય રાજનીતિની વાત કરવામાં આવે છે ત્યારે પાટલીપુત્રના ગુરુ ''ચાણક્ય''ને અવશ્ય યાદ કરવામાં આવે છે. એવા ઘણા રાજનીતિ અને કૂટનીતિના સંજોગો હોય છે, જ્યારે ચાણક્યનીતિ અપનાવવા ને અજમાવવાની સલાહો આપવામાં આવતી હોય છે. તો શું છે આ ચાણક્યનીતિ? અને કોણ છે ચાણક્ય? એનો જવાબ નિર્માતા ડૉ.ચંદ્રપ્રકાશ દ્વિવેદીએ આપ્યો. ''ચાણક્ય'' (૧૯૯૦) સીરિયલે પણ દર્શકોમાં ઊંડી છાપ છોડી.

આપણો ભારત દેશ વિવિધ ભાષા, સંસ્કૃતિ, ધર્મ, સાહિત્ય, પરંપરાઓ, કલા અને કસબથી સમૃદ્ધ છે. તમામ રાજ્યો પાસે પોતાની ધરોહર અને પોતાનો પારંપરિક કલાવારસો તથા વૈભવ છે. આ બધાને ધારાવાહી રીતે જ્યારે ભારતીય ટેલિવિઝનના ટચુકડા પડદે રજૂ કરવામાં આવ્યું, ત્યારે દેશના કરોડો દર્શકો અચંબિત થઈ ઊઠ્યા. ''સુરભી'' નામનો આ કાર્યક્રમ જોનાર આસામ અને મણિપુર સહિત ઉત્તર-પૂર્વના દર્શકોને છેક દક્ષિણ ભારતની સંસ્કૃતિનો પરિચય મળી રહ્યો હતો, તો કચ્છમાં બેઠેલા દર્શકનું કોહિમાની સંસ્કતિ સાથે વિઝ્યુઅલ અનુસંધાન થતું હતું. ''સુરભી'' (૧૯૯૩) કાર્યક્રમ સિદ્ધાર્થ કાક અને રેણુકા શહાણેની સહપ્રસ્તુતિ હતી. એક પ્રકારે આ એક રાષ્ટ્રીય સાંસ્કૃતિક પત્રિકા જ હતી. એમાં દેશના ખૂણે-ખૂણાના વિસ્તારોની પોતીકી કલા, સંસ્કૃતિ, નૃત્ય, ભોજન, સ્થાનિક પરંપરા, સમાજજીવન અને એવું ઘણું બધું દર્શાવવામાં આવતું. આમ દેશવાસીઓને સાંસ્કૃતિક મંચ દ્વારા જોડવાનું આ કામ ભારતીય ટેલિવિઝને કર્યું.

ગુલમહોર



- દિનેશ દેસાઈ

''રામાયણ'' અને ''મહાભારત'' સીરિયલની વાત કરીએ તો, આ બન્ને સીરિયલ ભારતીય ટેલિવિઝન ઈતિહાસમાં એ રીતે નોંધપાત્ર છે કે, આ સીરિયલના પ્રસારણના સમયે આખાય દેશમાં કોઈ પણ જાહેર સ્થળોએ સમગ્ર ચહલપહલ થંભી જતી. જાણે આખાય દેશમાં એક સાથે કરફ્યુ પડી ગયો હોય. રસ્તા ઉપર કોઈ જ વાહનવ્યવહાર જોવા ન મળે. ટ્રેનોમાં મુસાફરો સાવ નામ માત્રના હોય. બસો અને ટ્રકોનાં પૈડાં પણ રીતસરનાં થંભી ગયાં હોય.

વાલ્મિકી રામાયણ અને તુલસીદાસ રચિત રામચરિતમાનસ ઉપર આધારીત આ શ્રેણી રામાનંદ સાગરે બનાવી હતી. ૭૮ એપિસૉડની આ સીરિયલ તા. ૨૫ જાન્યુઆરી, ૧૯૮૭ના રોજથી શરુ થઈ. દર રવિવારે સવારે ૯-૩૦થી ૩૫ મિનિટનો એપિસૉડ (જાહેરાતનો સમય ગણ્યો નથી) ટી.વી. પરથી રજૂ થાય એટલે સહુ કોઈ ટી.વી. સામે ગોઠવાઈ જાય. દરેક ઘરોમાં ટી.વી. ના હોય. એ સંજોગોમાં જેમના ઘરે ટી.વી. હોય તેના ઘરના ટી.વી.વાળા રુમમાં ચાળીસ-પચાસ લોકો તો બેસી જ ગયાં હોય. અરે, ઘરમાં જગ્યા ન હોય તે સંજોગોમાં ઘરની બારી પાસે, બારી બહાર પણ લોકો ટોળે વળતાં. તા. ૩૧ જુલાઈ, ૧૯૮૮ સુધી લગભગ દોઢ વર્ષ આ શ્રેણી ચાલી.

પ્રત્યેક પ્રસારણ વખતે એક સાથે લગભગ ૧૦૦ મિલિયન દર્શકો ''રામાયણ'' સીરિયલ નિહાળતા. આ સીરિયલે ધર્મ, કોમ, મજહબનાં તમામ બંધનો તોડી નાખ્યા હતા. એટલે કે, દરેક ધર્મ અને કોમના લોકો એક સરખો રસ લઈને આ સીરિયલ જોવામાં તલ્લીન થઈ જતા હતા. સીરિયલનું પ્રસારણ રવિવારના રજાના દિવસે હોવા છતા પણ જે લોકો આવશ્યક કામોમાં રોકાયેલા હોય તે લોકો પણ થોડા અપવાદ સિવાય સીરિયલના પ્રસારણ સમય પૂરતા પોતાનું કામકાજ બંધ કરી દેતા.

ટી.વી. સ્ક્રિન ઉપર ભગવાન શ્રીરામનું પાત્ર ભજવતા કલાકાર અરુણ ગોવિલ અને સીતા માતાનું પાત્ર ભજવતી દીપિકા ચિખલીયાની ઍન્ટ્રી થતાં જ શ્રદ્ધાળુ મહિલાઓ ટી.વી. સેટ્સ સમક્ષ દીવો અને અગરબત્તી કરતી તથા પ્રસાદ પણ ધરાવતી. આ કોઈ કપોળકલ્પિત કે ઉપજાવી કાઢેલી વાત નથી, હકીકતમાં આમ બનતું હતું. આ કલાકારોની એન્ટ્રી વખતે હાથ જોડીને નમસ્કાર કરનારા લોકોની સંખ્યા પણ કરોડોમાંછે. દીપિકા ચિખલીયાની ભારે લોકપ્રિયતાને લઈને તેમને ભારતીય જનતા પાર્ટીએ વડોદરાથી લોકસભાની ચૂંટણીમાં ઉમેદવાર પણ બનાવ્યાં. મતદારો તો એમ જ માનતાં કે, તેઓ ''સીતા મૈયા''ને મત આપી રહ્યાં છે. આમ આ કલાકાર સંસદસભ્ય પણ બન્યા. તો વળી, આ જ સીરિયલમાં 'લંકેશ' — 'રાવણ'નું પાત્ર ભજવનાર અરવિંદ ત્રિવેદી પણ ચૂંટણી લડીને ભાજપાના સંસદસભ્ય બન્યા હતા.

(અનુસંધાન પાના નં. ૬ પર)

સર કટા સકતે હૈ...!! લેકિન... પાંચની સામે પચ્ચીસની પબ્લિક ડિમાન્ડ..!!

સૈનિક સરહદ પર તૈનાત... ૧૫મી ઓગષ્ટની રજામાં આપણે સજીધજીને પાર્ટી કરવા રેસ્ટોરન્ટ છલકાવી 'દેશ જાય તેલ લેવા જલસા કર' ની બેફીકરાઇ બતાવીએ છીએ ત્યારે જેમનાં માનમાં આ રાષ્ટ્રીય પર્વ સમર્પિત છે એવા સૈનિકોનો સરહદ પર ખડેપગે આપણાં રક્ષણ માટે ચોકીપહેરો

(ગતાંકથી ચાલુ...)

કેદારનાથનાં ત્રિલોચનધારીએ ત્રીજી આંખ ખોલતાં થયેલાં મેઘતાંડવ સામે મોરચો માંડતા 'ઓપરેશન રાહત' શરૂ થયું. ધસમસતાં પાણી અને જમીન પર બચાવકાર્ય મુશ્કેલ હોવાથી હવાઈ દળે મોર્ચો સંભાળ્યો... સૂચના મળતાં જ હવાઈદળે ચિત્તા, ચેતક, ધ્રુવ, એમ.આઈ.૧૭, એમ.આય.૨૬, અમેરિકન સી-૧૩૦ એવાં વિમાન અને ૫૦ થી વધુ હેલિકોપ્ટરથી ૪૦ હજાર કિલોમીટર પુરગ્રસ્ત ક્ષેત્રમાં દખલ દીધી, બેંગ્લોર અને બાગડોગ્રાથી વધારાની કુમક મંગાવી લીધી અને જમીનમાર્ગે અંદાજે ૮ હજાર સૈનિકો દાખલ થઈ ગયાં અને 'ઓપરેશન રાહત' ધમધમવા લાગ્યું...

આ દુર્ગમ વિસ્તારમાં હેલીપેડ નહોતા, પેરેશુટ રેજીમેન્ટે કમાન્ડોને દોરીથી ઉતારી કારવાઈ કરી. ચાકુથી ડાળકાં કાપી અને વિસ્ફોટકથી પથરાં ફોડીને જગ્યા છુટી કરી, અને ઈમર્જન્સી હેલીપેટ તૈયાર થયા. જ્યાં આવું પણ શક્ય નહોતું ત્યાં હેલિકોપ્ટરને હવામાં તરતાં રાખી નાગરિકોને વિંચિંગથી ખેંચી લીધા. ઊંચી પહાડીઓ, પાતળી હવા, સુસવાટા ભર્યા પવનો, વાદળોને કારણે અદૃશ્ય ખીણમાં અકસ્માતનો ભય જેવાં પ્રતિકુળ વાતાવરણમાં જીવસટોસટીની બાજી લગાવી હવાઈ દળે ૧૫૦૦ થી વધુ ઉડાન ભરી ૧૩,૦૦૦ થી વધુ નાગરિકોને બચાવી લીધા...

જમીન પર મિલટ્રીએ માનવ સેતુ તૈયાર કર્યો, નદીનાં બંને કાંઠે દોરડાં બાંધી એની વચ્ચે સૈનિકો સુઈ ગયા અને એમની પીઠનાં પુલથી યાત્રીઓ સળંગ સાત દિવસ સુધી પસાર થતાં રહ્યાં. આપણાં પગ પર ભૂલથી કોકનો પગ પડે તોય 'ઓય'માં પોકારીને એવામાં પીઠ પર પગ મુકીને પસાર કરાવતાં સૈનિકોને પીઠ થાબડીને સલામ કરવી જ રહી... લશ્કરી જવાનો આવું બધું કઈ રીતે કરી શકે છે? આવો પ્રશ્ન બધાને થાય અને એનો જવાબ છે એમની સખત ટ્રેનિંગ, કઠોર પ્રશિક્ષણ, શિસ્ત - એકબીજા પર પ્રચંડ વિશ્વાસ અને ટીમ સ્પિરીટ, બસ દુનિયા મીરે મુઠ્ઠીમે...

સૈનિકોને એમની રેજિમેન્ટ (પલટન) ની ઈજ્જત બહુ પ્યારી હોય છે. અને એની ઈજ્જત માટે કંઈ પણ કરવા તત્પર હોય છે અને અહીંથી જ સૈનિકોની મનોભૂમિકા તૈયાર થાય છે. બડી, વિંગમેન અને શિપમેટ આ નામ એટલે થનગનતાં સૈનિકો, રોજની પરેડ, માઈલો સુધીની દોડ, પર્વતારોહણ, ઘોડેસવારી, ઓબ્સ્ટેકલ્સ કોર્સ જેવાં કડક પ્રશિક્ષણમાંથી શરીર કસાઈને ચમકીલું બને, સીના તાન કે ચહેરા પર ગુરૂર આવે, શિસ્ત અને ચફળતાં શરીરનો ભાગ બને, કમાંડો માટે એનાથીય અધિક કઠોર ટ્રેનિંગ અપાય. મોટે ભાગે આ ટ્રેનિંગ દરમિયાન બબ્બેની જોડ બનાવાય મિલિટ્રીમાં એને બડી, એરફોર્સમાં વિંગમેન અને નૌકાદળમાં એને શિપમેટ કહેવાય છે. આ બંધન જીવનભર ટકે છે અને એમાંથી બંધુત્વની ભાવના નિર્માણ થઈ, આવા સંકટ સમયનાં વિશિષ્ટ અભિમાનમાં એક યુનિટ થઈને કામ કરે છે...

મિઝોરમમાં વૈરિંગેટમાં ભારતીય લશ્કરની કાઉન્ટર-એમર્જન્સી એડવેન્ચર જંગલ વૉરફેર સ્કૂલ આવેલી છે, બેળગાવમાં મરાઠા લાઈટ એન્ફ્રંટી કમાંડો કોર્સ, શીખ રેજીમેન્ટ, ગોરખા રેજીમેન્ટ આ બધામાં જંગલમાં, સાધનસામગ્રીની અછત, અન્ન પાણી વગર ટકી રહેવાની ખાસ ટ્રેનિંગ અપાય છે, પ્રસંગ પડે તો ઝાડ-પાન, સામે દેખાય એ પ્રાણીને મારીને ખાવાની અને જીવવાની કળા શીખવાય છે. આ બધામાંથી મન અને શરીરનું જે કંડિશનીંગ થાય છે એ આ કેદારનાથ જેવી દૂર્ઘટના વખતે રૂબરૂ કાર્યવાહીમાં કામમાં આવે છે!

Hello ફ્રેન્ડસ!

- સંજય થોરાત

સંકટ સામે આંખમાં આંખ મિલાવવાની આ હિંમત ક્યાંથી આવે છે? આમ જોવા જઈએ તો આપત્તિ નિવારણ અથવા બચાવકાર્ય એ કોઈ સેનાદળનું મુખ્ય કાર્ય નથી. દેશની સીમાનું બાહ્ય આક્રમણથી રક્ષા કરવાનું, એનાં માટે સદાય યુદ્ધ સજ્જ અને દક્ષ રહેવાની મૂળ જવાબદારી, પણ આ તૈયારી કરતાં કરતાં શરીર અને મનને જે હદે ઘડાય છે એ જ આવાં સંકટ સમયે કામમાં આવે છે.

સંકટના ક્ષણે ડગમગીનાં જતા છાતી કાઢી ઊભા રહી એક જગ્યાએ નજર હટાવ્યા વગર દુશ્મનની કીડી પણ બોર્ડરમાં ના ઘૂસે એટલા ચેકાર અને અડીખમ રહેવાં જે ચેલેન્જ સ્વીકારવી પડે એ બજારમાં વેચાતી નથી મળતી, અને કોઈ પણ ટ્રેનિંગ અકાદમીમાં તૈયાર નથી થતી. એ તો તમારી અંદર જ હોવી જોઈએ. અને એ મૂડી પર જ સૈન્યમાં ભરતી થવાય છે. ટ્રેનિંગ મળતાં આ મૂડી ચાર ચાસણી ચઢે છે અને ઉત્સાહ અને ચપળતા સાથે દેશ માટે શહિદ થવાની ભાવના બળવત્તર બને છે. સંકટ સમયે જીવની પરવા કર્યા વગર મદદ માટે દોટ મુકાય છે. સૈનિકોનું કઠોર ઘડતર એમને કુર્બાની આપવા તૈયાર કરે છે અને એજ લોકો આપણને નિશ્ચિંત બનાવે છે...

અત્યાર સુધી હિન્દી ફિલ્મોમાં શહીદ, હકીકત, ઉપકાર, સ્વદેશ, ચક દે ઇન્ડિયા, મંગલ પાંડે, હિન્દુસ્તાન કી કસમ, બોર્ડર, રેફ્યુજી, ગદર, સ્વદેશ, લગાન, સરફરોશ, ખાખી, ક્રાંતિવીર, પ્રહાર, જેવી ફિલ્મો અને લોહી ધગધગતાં કરતાં દેશભક્તિ ગીતો જ આપણામાં દેશદાઝ જગાવવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે... ઉત્તરાખંડમાં સૈનિકોની સેવાને સલામ મારવાની ઈચ્છા સૌ કોઈ નાગરિકોને થાય એ સ્વાભાવિક જ છે... ભારતીય સેના માટે છાતી ફુલાય તેવી સલામ અને સન્માન સ્વતંત્રતા દિને સંભારીને આપવા જેવી છે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

બહેને મારા બધા જ પ્રશ્નોના જવાબ લાગલગાટ આપ્યા, દરેક સમસ્યાનો હલ કહ્યો, એક સ્ત્રી આટલી સમજુ હોઈ શકે તે મને તેમની સાથે વાત કરી ત્યારે સમજાયું

(ગતાંકથી આગળ...)

ધીરે ધીરે બહેનની અને તમારી વાત મને સમજાવા લાગી. યશદા મોટી થતી જતી હતી. તેની બાળ સુલભ મસ્તીએ મનની કટુતાને જ્યારે ધોઈ નાંખી તેની ખબર જ ન પડી. સમય તેની ગતિએ ચાલતો રહ્યો. હું એ પાવન પવિત્ર ઘરમાં ભળી ગઈ. એક દિવસ વાત વાતમાં બહેને કહેલું રમ્યા આજે તું જીવે છે એ જીવન નથી. તું યશદાની મા પણ છે. જરા આગળનો વિચાર કર. મારો ભાઈ જીવનભર તારા સંભાળ રાખશે. યશદાની જવાબદારી ઉપાડી લેશે. અને તને સમાજમાં સન્માન જનક જીવન જીવવાનો અધિકાર મળશે. તે અંગે વિચાર કરજે. જો તને માન્ય હોય તો હું તેને વાત કહું.

મને તો એક બહેન મળી ગયેલી એટલે આ બાબતમાં તો ક્યારેય વિચારેલું જ નહીં. લાંબુ વિચારવાની કદાચ મારામાં ક્ષમતા જ નહોતી. પણ તે દિવસે બહેને ખૂબ જ ઓછા શબ્દોમાં પોતાના વિચાર અને મારું ભવિષ્ય મારી સામે મુક્યું. પુનઃલગ્ન? કઈ રીતે થાય? જો યશદાના પિતાને જાણ થાય અને તે બાપુને મળીને કંઈ નુકશાન પહોંચાડે તો? શું એક દિકરીમાં એવી હું આ સમાજમાં સુરક્ષિત રહી શકું ખરી? એવા અનેક પ્રશ્નો મને સતાવવા લાગ્યા.

બહેને મારા બધા જ પ્રશ્નોની જવાબ લાગલગાટ આપ્યા. દરેક સમસ્યાનો હલ કહ્યો. એક સ્ત્રી આટલી સમજુ હોઈ શકે તે મને તેમની સાથે વાત કરી ત્યારે સમજાયું.

નવાં ક્લેવર

- નટવર હેડાઉ

આર્ય સમાજ મંદિરમાં ખૂબ જ સાદગીથી અમારાં લગ્ન થયા. અને પતિ પત્ની બની ગયાં. તમે પતિ નહીં પણ હમસફર બન્યા હતા. કેમકે પતિનું તો અધિકાર ક્ષેત્ર ઘણું મોટું હોય છે. તમારી સાથે રહીને હું ઘણું ક્ષીતી. સ્નેહ, પ્રેમ, આત્મીયતા, ત્યાગ, સંયમ, ધૈર્ય અને ઘણું બધું. ક્ષમાશીલતા તો તમારામાં ગજબની હતી. યશદાને તમારો ખૂબ પ્રેમ મળ્યો. દિકરાના જન્મ વખતે તમે કહેલું યશદાનો ભાઈ યશરાજ આપી ગયો. આપણું ગૃહસ્થ જીવન પૂર્ણતાને પામ્યું. તમારી સાથે રહીને મારા વિચારોમાં ઘણું અંતર આવી ગયું. ઘરની વહુ બન્યા પછી પણ તમારા અને બહેનના વ્યવહારમાં કોઈ ફરક ન પડ્યો. મારી ખાણીપીણ રહેણીકરણી બધું જ બદલાઈ ગયું. હવે હું સ્વતંત્ર ભારતની નાગરીક હતી. મારું પોતાનું એક અસ્તિત્વ હતું. હવે હું બીજાઓને પણ મારી જેમ સમજવા લાગી. બીજાના દુઃખમાં તેમની સેવા કરવી એ મારો ધર્મ થઈ ગયો. યશરાજ મોટો થવા લાગ્યો. મને સમય મળતાં તમે મને નોકરી કરવાની સલાહ આપેલી. એ રીતે ધીરે ધીરે તમે મારા વ્યક્તિનું નિર્માણ કર્યું અને મને નિડર બનાવી. ક્યારેક વિચારતી કે મારા જીવનમાં તમારું આગમન જાણે કે પૂર્વનિધારીત હતું. આપણી મહત્વાકાંક્ષાઓ સિમિત હતી. દેશ, સમાજ અને કુટુંબ પ્રત્યેની જવાબદારીઓ વહુ હતી. દેશ, સમાજ અને કુટુંબ પ્રત્યેની જવાબદારીઓ વધુ હતી. આપણઆ ત્રણેની છત્રછાયામાં યશદા અને યશરાજનો માનસિક અને શારિરીક વિકાસ સારી રીતે થઈ રહ્યો હતો.

યશદાનું કન્યાદાન કરી તમે ગુમસુમ થઈ ગયેલા. બહેન પૂછતાં યશરાજ કહેતો પપ્પા માટે તો જાણે દીદી સઘળું હતી. હવે નથી હસતો કે નથી ખુશ લાગતા. અને પછી અચાનક અગાઉથી કંઈ જણાવ્યા વગર જ તમે આંખો મીચી લીધી. મારું તો સર્વસ્વ લૂંટાઈ ગયું. મેં સપના માં પણ વિચાર્યું ન હતું. તે થઈ ગયું. તમારા વિના મારા થાઅો તો ચાલતાં રહ્યા પણ બહેન તો બિલકુલ ભાંગી પડ્યા. તેમની દેખભાળ રાખવી. યશરાજને સેટલ કરવો એ બધું હું કેવી રીતે કરી શકી તે તો મને જ ખબર નથી. તમારું શરીર માસાથી દૂર જતું રહ્યું. પાકા આત્મા નહીં દરેક મુસીબતમાં જાણે કે તમને હું મારી આસપાસ હો તેમજ અનુભવી. યશ